જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૦/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૩૧/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૬૨ | ૧૦ | ૧૦૬૭૨ | ૧૬૭૯૦ | ૧૨ | ૧૬૮૦૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૪ | ૦ | ૪૩૪૪ | ૫૮૫૮ | ૦ | ૫૮૫૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૮૧૯ | ૨૪ | ૧૪૮૪૩ | ૧૫૬૦૧ | ૨૭ | ૧૫૬૨૮ |
| કુલ | | ૨૯૮૭૩ | ૩૪ | ૨૯૯૦૭ | ૩૮૪૬૮ | ૩૯ | ૩૮૫૦૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૯૪ | ૧૨,૬૮,૫૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૧૭ | ૧૫,૧૭,000/- |

# ગુમ/અપહરણના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન

## શ્યામનગર પોલીસ સ્ટેશન રાજસ્થાનના ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબના ગુનાના આરોપી તથા ભોગ બનનાર સગીરવયની બાળકીને પકડી પાડી શ્યામનગર પોલીસ સ્ટેશનને સોપતી ઇસનપુર પોલીસ સ્ટેશનની “શી” ટીમ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર.શ્રી “જે” ડીવીજન સાહેબનાઓ તરફથી “શી”ટીમને જુદી-જુદી કામગીરી સોપેલ હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ “શી”ટીમના વુ.અ.હે.કો શબાનાબેન રફીકહુસેન તથા વુ.લો.ર શીતલબેન દેવજીભાઇ તથા વુ.લો.ર પુજાબેન પ્રમોદભાઇ તથા લોકરક્ષક મયુરસિહ રમેશભાઇનાઓ તા ૦૬/૧૦/૨૦૨૦ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા ઇસનપુર કેનાલ ગાર્ડનમા એક ઇસમ તથા એક છોકરી બેઠેલા હોય અને તે શંકાસ્પદ જણાતા તેઓને ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે લઇ આવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓ સમક્ષ રજુ કરતા પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓએ પુછપરછ કરતા છોકરાએ પોતાનુ નામ આશિષ મહેશ જાગીર રહે,જગદમ્બા નગર અજમેર રોડ જયપુર કરણી વિહાર રાજસ્થાનનો હોવાનુ તથા તેની સાથેની બાળકી (ઉ.વ.૧૬) ને વિશ્વાસમા લઇ પુછપરછ કરતા બન્ને ભાગીને આવેલ હોવાની હકિકત જણાવતા અને આ બાબતે રાજસ્થાન જયપુર શ્યામનગર પોલીસ સ્ટેશનમા તપાસ કરતા આ બાબતે શ્યામનગર પોલીસ સ્ટેશન જયપુર રાજસ્થાન ગુના નં ૩૨૭/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબનો ગુનો દાખલ થયેલ હોય સદરી આરોપી તથા ભોગ બનનાર બાળકીને રાજસ્થાન શ્યામનગર પોલીસ સ્ટેશન ખાતે સોપી સારી કામગીરી કરવામા આવેલ છે તા.૧૦/૧૦/૨૦૨૦

## ખુનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**સરખેજ પોલીસ સ્ટેશનઃ-**

### મર્ડરના આરોપીને મુદામાલ સાથે ગણતરીના કલાકોમા પકડી પાડતી સરખેજ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ આર.વી અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રેમસુખ ડેલૂ સાહેબ ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,વી.જી.પટેલ સાહેબ "એમ" ડિવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ મર્ડરના આરોપીને શોધી કાઢવા સારૂ સુચના આપેલ જે સુચનાં તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇન્સ.સી.એન.પરમાર તથા અ.હેડ.કોન્સ ઇદરીશખાન સામતખાન બ.નં.૫૭૨૫ તથા અ.હેડ.કોન્સ.અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં.૫૭૨૫ તથા અનાર્મ પો.કોન્સ.ખેમરાજદાન ભીમસંગ બ.નં.૧૩૧૫૬ તથા અ.પો.કોન્સ.હરેશભાઇ લક્ષ્મણભાઇ બ.નં.૫૨૦૬ તથા અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં-૧૧૪૮ તથા અ.લોકરક્ષક.ઇરફાન કાસમભાઇ બ.નં-૮૮૭૪ તથા અ.લોકરક્ષક જયરાજદાન કિરીટદાન બ.નં.૧૩૦૨૯ નાઓની અલગ અલગ ટીમો બનાવી મર્ડરના આરોપીને હથીયાર સાથે ગણતરીના કલાકોમાં પકડી પાડીને સરખેજ પોલીસ સ્ટેશન પાર્ટ-એ નં.૧૧૧૯૧૦૪૮૨૦ ૧૬૦૭/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ ૩૦૨,૩૨૬, તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના કામે આરોપીએ બે દિવસ પહેલા પોતાનુ જમીન મકાન અને સોનાના દાગીના વેચી પૈસા આપી આપી દેવા બાબતે મરણ જનાર જે આરોપીના પિતા થતા હોય તેની સાથે બોલાચાલી થયેલ તે વાતની અદાવત રાખી તા.૦૯/૧૦/૨૦૨૦ ના રોજ બપોરના સુમારે મરણ જનાર પોતના ઘરમાં સુતા હોય ત્યારે માથામાં તથા કાનના ભાગે લાકડી વડે ફટકા મારી ગંભીર પ્રકારની ઇજા પહોચાડી મોતને ઘાટ ઉતારનાર આરોપીને પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

પકડાયેલ આરોપી:-

સુરેશ ઉર્ફે મગનભાઇ કુરશીભાઇ રબારી ઉ.વ.૨૩ રહે,પારીજાત ઔડાના મકાનમાં મેપલ કાઉન્ટીની બાજુમાં શિલજ રોડ આંબલી સરખેજ અમદાવાદ



# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશનઃ-

## ઈગ્લીશ દારૂનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી રામોલ પોલીસ

ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ:૧૮૦ કીમત રૂપીયા ૯૦,૦૦૦/- તથા ભારતીય બનાવટના વિદેશી દારૂના કવાટર નંગ:૩૪૮ કીમત રૂપીયા ૩૪,૮૦૦/- લકઝરી બસ નં. આર.જે..૨૭.ટી.એ.-૯૧૫૩ કીમત રૂપીયા ૧૭,૦૦,૦૦૦/- તથા તથા સી.એન.જી.રીક્ષા જીજે.-૨૭-વાય-૭૯૦૨ કીમત રૂપીયા ૫૦,૦૦૦/- મળી કુલ્લે કીમત રૂપીયા ૧૮,૯૬,૮૦૦/- ના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમો ઝડપાયા

પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ નાઓ દ્વારા પ્રોહિ જુગાર ની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા તથા આવા પ્રોહિ ના કેશો શોધી કાઢવા સુચનાઓ મળેલ જે બાબતે નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ તથા મદદનિશ પોલીસ કમીશ્નર શ્રી “આઈ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સિનીયર પોલીસ ઈન્સપેક્ટર કે.એસ.દવે નાઓની સુચના આધારે આજરોજ તા:૧૦/૧૦/૨૦૨૦ ના રોજ સર્વે લન્સ સ્કોડના પોલીસ સબ ઈન્સપેક્ટર બી.આર.ભાટી તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા સાથેના લોકરક્ષક લક્ષ્મણભાઇ રૂપાભાઇ તથા પો.કો પ્રકાશભાઇ રઘુભાઇ નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે બરોડા એક્ષપ્રેસ હાઇવે વડોદરા જવાના રોડ પર પંચો સાથે વોચ તપાસ કરતા આરોપીઓ :નં.(૧) હદમાનરામ સવારામજી મેઘવાલ ઉવ:૩૦ રહે:ગામ:- પીપરલાકીઢાણી તા:- આહૌર જી:- જાલોર રાજસ્થાન તથા નં.(૨) લક્ષ્મણસિંહ કુપસિંહ રાજપુત ઉવ.૪૨ રહે:- ઉથમન તા:- શિગંવંજ જી:- શિરોહી રાજસ્થાન તથા નં(૩) મીઠારામ નારારામ મીણા ઉવ.૨૩૧ રહે:- જેતપુરા તા:- પાલી જી:- પાલી રાજસ્થાન ને પોતાના કબજાની લકઝરી બસ નં. આર.જે..૨૭.ટી.એ.-૯૧૫૩ કીમત રૂપીયા ૧૭,૦૦,૦૦૦/- તથા તથા સી.એન.જી.રીક્ષા જીજે.-૨૭-વાય-૭૯૦૨ કીમત રૂપીયા ૫૦,૦૦૦/-મા વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂની ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ:૧૮૦ કીમત રૂપીયા ૯૦,૦૦૦/- તથા ભારતીય બનાવટના વિદેશી દારૂના કવાટર નંગ:૩૪૮ કીમત રૂપીયા ૩૪,૮૦૦/- તથા અલગ અલગ કંપની ના ત્રણ મોબાઇલ ફોન કીમત રૂપીયા ૨૨,૦૦૦/-- મળી કુલ્લે કીમત રૂપીયા ૧૮,૯૬,૮૦૦/- નો મુદ્દામાલ સાથે પકડી આરોપી વિરૂધ્ધ ધી પ્રોહિ એકટ કલમ ૬૬(૧)બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.


COUNTY
DELUXE WHISKY
Officer's Choice
WHISKY

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ-

### પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પેટ્રોલિંગ દરમ્યાન જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ શ્રી જે.આર.પટેલ સાહેબ નાઓની સુચના આધારે ઠક્કરનગર પો.ચોકીના પ્રો,પો.સબ.ઇન્સ એન.એસ.સાકરીયા તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તેમજ કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ આજરોજ તા.૦૯/૧૦/૨૦૨૦ ના રોજ ક.૧૫/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૬/૦૦ વાગે માધવ મોલ ખાતે આવતા સાથેના લોકરક્ષક વેલાજી હેમાજી બ.નં.૯૨૪ નાઓએ ખાનગી બાતમી હકીકત આપેલ કે " માધવ મોલ પાસે ખોડીયાર ડેરીની બાજુમાં જય યોગેશ્વર ફલેટ ત્રીજા માળે આવેલ મ.નં-સી/૧૧,માં કિંજલબેન વા/ઓ જયેશભાઇ મોહનભાઇ છત્રાળા (પટેલ) નાઓ પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી માણસો બોલાવી પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમે રમાડે છે " વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ નાયબ પોલીસ કમિશ્નનર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના જુગાર ધારા કલમ-૬ મુજબના વોરંટ નંબર-૨૮૯/૨૦ તા.૦૯/૧૦/૨૦૨૦ ના ઇશ્યુ થયેલ વોરન્ટ આધારે પ્રો,પો.સબ.ઇન્સ એન.એસ.સાકરીયા નાઓએ સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રાખી સદરી જગ્યાએ ચારેય બાજુ ખાનગી રીતે ગોઠવાઇ જઇ મકાન ની અંદર રેઇડ કરી દસેક મહિલાઓને જગ્યા ઉપરથી ગોળ કુડાંળુ વળી જુગાર રમતા પકડી પાડી તા.૦૯/૧૦/૨૦૨૦ ના ક.૧૮/૦૦ વાગે અટક કરી જુગાર ધારા કલમ-૪,૫ મુજબની કાયદેસરની કાર્યવાહી કરી તપાસ ચાલુ રાખી જુગારનો ગણનાપાત્ર ક્વોલીટી કેશ સોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે તા.૦૯/૧૦/૨૦૨૦

મુદ્દામાલ- અંગજડતીના નાંણા રૂ.૪૬,૮૯૦/-તથા દાવના નાંણા રૂ.૨,૧૨૦/- તથા નાળના નાંણા રૂ.૭૦૦/-મળી કુલ્લે રોકડ રૂ,૪૯,૭૧૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા બે એકટીવા એક બ્લ્યુ કલરનું RTO NO-GJ-27-BG-0799 કિં.રૂ.૩૦,૦૦૦/-તથા બીજુ એકટીવા ગ્રે કલરનું RTO NO-GJ-27-R-1346 કિં.રૂ.૩૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૯ કુલ્લે કિં.રૂ.૧૬,૫૦૦/- મળી કુલ્લે રૂ.૧,૨૬,૨૧૦/-ના મુદ્દામાલ જુગાર રમવાના સાધનો

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પ્રો,પો.સબ.ઇન્સ શ્રી એન.એસ.સાકરીયા તથા સાથેના સ્ટાફના માણસો ફરિયાદી શ્રી.સ.ત. એ.એસ.આઇ. સેજલબેન સુરેશભાઇ બ.નં.૧૩૪૯૪ તથા અ.હેડ.કોન્સ કાન્તીસિંહ વકતુસિંહ બ.નં.૯૨૪૧ તથા લોકરક્ષક વેલાજી હેમાજી બ.નં.૯૨૪ તથા વુ.લોકરક્ષક સોનલબેન નાનજીભાઇ બ.નં.૧૦૯૩૯ તથા વુ.લોકરક્ષક ગાયત્રીબેન દિનેશભાઇ બ.નં.૧૧૦૬૦

## આરોપીઓના નામ:-

નં-(૧) કિંજલબેન વા/ઓ જયેશભાઇ મોહનભાઇ છત્રાળા ઉ.વ.૩૧ રહે,મ.નં.સી/૧૧,જય યોગેશ્વર એપાર્ટમેન્ટ ખોડલ ડેરીની બાજુમાં માધવ મોલ પાસે ઠક્કરનગર અમદાવાદ શહેર + ૦૯= ૧૦

# તડીપાર ઇસમની અટકાયતની વિગત

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનઃ-

## તડીપાર ઇસમને પકડી કાયદેસરની કાર્યવાહી કરતો ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રીસેકટર-૦૧ તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી “ઇ” ડીવીજન નાઓ તરફથી તડીપાર કરેલ ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના માર્ગદર્શન હેઠળ તડીપાર ઇસમોને શોધી કાઢવા કરેલ હુકમ અન્વયે સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સવી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કો દિપેશભાઈ વાલજીભાઈ બ.નં ૫૭૩૨ તથા અ.લો.ર સુરેન્દ્રસિંહ અમ્રુતસિંહ બ.ન.૧૧૯૦નાઓને મળેલ બતામી હકિકત આધારે અત્રેના પો.સ્ટે તડીપાર હુકમનં.ક્રમાંક-પી.સી.બી/૧૫/૨૦૧૯ તા-૧૮/૦૨/૨૦૧૯થી બે વર્ષ માટે અમદાવાદ શહેર તથા તેની લગોલગના જીલ્લાઓમાંથી તડીપાર હોવા છતા કોઈપણ જાતની સત્તાધિકારીની મંજુરી વગર અત્રેની હદમાં પ્રવેશી પો.કમિશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમનો ભંગકરી અત્રે પ્રવેશેલ ઇસમ નામે મારૂફ ઉર્ફે લલ્લો S/O અખ્તરહુસેન અબ્દાલ ઉ.વ.૩૦ ધંધો.વેપાર રહે.મ.નં.૧૨૮૭ નવગજાપીરનો ટેકરો અબ્દાલવાડ જમાલપુર અમદાવાદશહેર નાને આજ રોજ તા-૦૯/૧૦/૨૦૨૦ ના રોજ શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે



## સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ

## આરોપીએ કોર્ટમાં હાજર થવાનું ફરમાન : સમાચાર યાદી નં.૧૭૩૨/૨૦૨૦

ખાડીયા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૬૪૮/૧૯૭૩ ઇપીકો કલમ ૩૯૩, ૩૯૮ તથા આર્મ્સ.એક્ટ કલમ ૨૫(એ)(સી) મુજબના સેસન્સ કેસ નં.૩૨/૧૯૭૫ મુજબના કામે આરોપી નંબર (૧) આનંદ ગોવિંદ જોષી (રહે.વલ્લભનગર, ઇન્દોર, મધ્યપ્રદેશ) અને (૨) રામ પ્રકાશચન્દ્ર ભાર્ગવ (રહે.સી/૨૦૩, ગ્રીનપાર્ક એકસ્ટર્નસન, નવી દિલ્હી) નાઓને ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ સુશ્રી એસ.કે.બક્ષી સાહેબ, મહે.પ્રિન્સિપાલ જજશ્રી, કોર્ટ નં.૦૧, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૫/૧૧/૨૦૨૦ પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૩૩/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી ૩૩૬ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૪,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૩૪/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭૩૫/૨૦૨૦

**સાયબર ક્રાઈમ**ઃ હરેશ ભરતભાઇ પટેલ (ઉ.વ.૩૭) (રહે. શિવપાર્ક સોસાયટી ગોપાલ ચોક નવા નરોડા) એ તા.૦૯/૧૦/૨૦૨૦ નારોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૬/૨૦૨૦ થી તા.૧૫/૦૮/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી FX-TRADING કંપનીમાંથી આનંદ ભટ્ટ અને સંજયભાઇ શાહ નાઓએ ભેગા મળી હરેશ પટેલને વિશ્વાસ અપાવી “કંપનીમાં રોકાણ ઉપર ૩૦% થી ૪૦% જેટલો નફો મળશે તેમજ ૨૫ દીવસ પછી પૈસા વીડ્રો કરી શકાય” તેવી લોભામણી વાતો કરી હરેશ પટેલ પાસેથી કુલ રૂપિયા ૭૫,૫૫૦/- TRIPBEE PRIVATE LIMITED NADIAD નામના એકાઉન્ટમાં ભરાવડાવી પ્રોફીટ નહી આપી તેમજ રોકાણ કરાવેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.યુ.પરેવા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૩૬/૨૦૨૦</u>**

**બાપુનગરઃ** રીઝવાન અબ્દુલભાઇ વોરા (રહે. વોરવાડ પંચાયત શોપીંગ સેન્ટર મેઇન બજાર કઠલાલ જી.ખેડા) એ તા.૦૮/૧૦/૨૦૨૦ સાજના ૭/૦૦ વાગે બાપુનગર અજીતમીલ ચાર થી ગરીબનગર ચાર રસ્તા તરફ જતા રસ્તા વચ્ચે આવેલ એ-વન રેસ્ટોરન્ટ આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ બેગની ચોરી કરી લઈ ગઈ હતી. બેગમાં રોકડ રૂપિયા ૯૦,૦૦૦/- તેમજ જરૂરી કાગળો હતા. આ અંગેની ફરીયાદ રીઝવાન વોરાએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**નવરંગપુરાઃ** અમરભાઇ મનહરલાલ પરીખ (રહે. ન્યુ કોમર્શીયલ મીલ સ્ટાફ સોસાયટી રાજહંસ સોસાયટી સામે નવરંગપુરા) એ તા.૦૯/૧૦/૨૦૨૦ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૦/૨૦૨૦ સવારના ૪/૦૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી બ્રેટલીંગ (Breitling) કંપનીની કાંડા ઘડિયાળ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

**<u>બ્રીજ પરથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૩૭/૨૦૨૦</u>**

**નિકોલઃ** સોનાલીબહેન ડો/ઓ કીરીટભાઇ ગોહીલ (ઉ.વ.૨૩) (રહે. પાર્શ્વનાથ ટાઉનશીપ વિભાગ-૧ નવા નરોડા કૃષ્ણનગર) તા.૦૯/૧૦/૨૦૨૦ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઠકકરનગર બ્રીજ પરથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૨/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી